તા.૨૧-૦૨-૨૦૨૪

માન. અધ્યક્ષશ્રી,

(૧) બંદરો અને વાહનવ્યવહાર વિભાગ માટે કુલ-૩૮૫૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી, ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ, માન. નાણા મંત્રીશ્રી કનુભાઇ સાહેબ તથા વાહન વ્યવહાર મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી નો ખુબ ખુબ આભાર વ્યકત કરૂં છું.

માન. અધ્યક્ષશ્રી

(૨) ગુજરાત સરકાર હમેશા પર્યાવરણ મુદે ગંભીર રહી છે. એટલે જ પેટ્રોલ, ડીઝલથી ચાલતા વાહનોના બદલે ઇલેકટ્રીક પોલીસી અમલમાં લાવી એ ખુબ સારો નિર્ણય કરેલ છે.

માન. અધ્યક્ષશ્રી,

(૩) રાજય સરકારે પ્રદુષણ ઘટાડવા અને નવીનીકરણ કરવા માટે વાહનવ્યવહાર નિગમ દ્વારા ૧૦૦ મેગા વોટના સોલાર પાર્કની સ્થાપના કરવામાં આવેલ છે.

માન. અધ્યક્ષશ્રી,

(૪) રાજય સરકારે મહિલાઓ માટે બસ કન્ડકટરની નવી ભરતીમાં ૩૩ ટકા બહેનોને નોકરી આપી અને તેઓને દિવસના ૮ કલાક નોકરી રી તે પોતાના ઘરે પહોંચે તેવી વ્યવસ્થા અમારી સરકાર દ્વારા કરવામાં આવી છે. અગાઉની સરકારે મહિલાઓને નોકરી મળી રહે તેવો કોઇ વિચાર પણ લાવ્યા ન હતાં.

માન. અધ્યક્ષશ્રી,

(૫) નવીન બસો ખરીદવા માટે રૂ. ૭૬૮ કરોડની જોગવાઇ તેમજ ઇ-વ્હિકલને સબસીડી આપવા માટે રૂ. ૨૧૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. તેમજ બસ સ્ટેશનના આધુનિકરણ તથા સ્વચ્છતા માટે રૂ. ૧૧૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માન. અધ્યક્ષશ્રી

(૬) સમગ્ર રાજયમાં જયારે કોરોનાની મહામારી સમયે પણ સરકાર દ્વારા પર પ્રાંતિય મજુરો તથા અન્ય મુસાફરોને તેમના વતન જવા માટે સરકારે કોઇ પણ ને હાલાકી ન પડે તેવી બસ સુવિધા પુર પાડેલ હતી.

માન. અધ્યક્ષશ્રી

(૭) અગાઉની સરકારે મજુરોને હોળ-દિવાળ જેવા તહેવારોમાં વતનમાં જવા માટે કોઇ એસ.ટી.ની સુવિધા કરવામાં આવતી ન હતી. અમારી સરકાર આવ્યા પછી મજુરોને તેના વતનમાં જવા માટે સ્પેશ્યલ બસો મુકી સુવિધા પુરી પાડી છે. અને હાલ ગાંધીનગર ખાતે મેટ્રો ટ્રેનનું કામ ચાલે છે તે મજુરોને ૮ કલાક નોકરી કર્યા પછી ઘ-0 બસ ઉપડી ઝાલોદ સુધી ડેઇલી લઇ જાય છે મુકી જાય છે. જે માનવ સેવાનું કાર્ય સરકાર કરી રહી છે.

માન. અધ્યક્ષશ્રી

(૮) અગાઉની સરકાર વખતે રેલ્વે ફાટક બંધ કરતા હતાં. તે સમયે કોઇ બિમાર હોય તો પુરતી સગવડ મળતી ન હતી. અને અમારી સરકાર આવ્યા પછી સ્લીપર કોચ સુવિધા ઉભી કરી બિમાર માણસને દવાખાને થી ઘરે કે ઘરે થી દવાખાને જવું હયો તો આરામથી જઇ શકે

માન. અધ્યક્ષશ્રી

(૯) અગાઉની સરકાર વખતે બસમાં બેસવા માટે સગવડો પણ ન હતી વાહનો પણ સારા ન હતાં અને વર્ષ-૧૯૮૭ માં સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે સેવા બજાજવતો હતો તે વખતે બેચરાજી-કટોસણ થી નગરાસણ થી કડી બસમાં બેસવા માટે બે કલાક રાહ જોવ પડતી હતી અને તે પણ કાચા રસ્તા હતાં. અને કપડા પણ ધુળ ધુળ થઇ જતા હતાં.

માન. અધ્યક્ષશ્રી

(૧૦) અગાઉની સરકાર દ્વારા કડી થી મહેસાણા જવુ હોય કડી થી અમદાવાદ જવું હોય દર બે- બે કલાકે બસ મળતી હતી અને કાચા રસ્તા પણ હતાં. અમારી સરકાર આવ્યા એસ.ટી. બસોની અમદાવાદ- વિરમગામ કે મહેસાણા જવા માટે દર ૧૫-૧૫ મીનીટ બસ મળી રહે એવી સુવિધા આ સરકાર કરી છે.

માન. અધ્યક્ષશ્રી

(૧૧)અગાઉની સરકાર વખતે બસ સ્ટેન્ડ  સારા ન હતા અને કાચા હતાં અને બસ સ્ટેન્ડમાં બેસવા માટે કોઇ સગવડ કે સુવિધા ન હતી કે પંખા પણ ન હતાં. અને મુસાફરો ખૂબ જ હાલાકી ભોગવતા હતાં. અમારી સરકાર આવ્યા પછી બસ સ્ટેન્ડો નવા બનાવ્યા તેમજ બસ સ્ટેન્ડમાં  બેસવા માટે બાકડાની વ્યવસ્થા કરી અને પંખા પણ નખાવ્યા.

માન. અધ્યક્ષશ્રી

(૧૨)કડી તાલુકાના એસ.ટી. બસો જે ફરતી તી તે  ૪૦ થી ૫૦ કિ.મી. ફરતી કાચા રસ્તા હતા અને એક દિવસમાં એક જ બસ ગામડાઓના રૂટમાં ફરતી હતી. અમારી સરકાર આવ્યા પછી દર પંદર પંદર મીનીટે બસની સુવિધા ચાલુ કરવામાં આવી અને કડી થી નાસિક – મહારાષ્ટ્ર ૬૦૦ કિ.મી. અને બીજા રાજયોમાં ૪૦૦ કિ.મી. રૂ. દરરોજ એસ.ટી. ફરે છે જે ભાજપ સરકારનું કામ છે.

માન. અધ્યક્ષશ્રી

(૧૩)તાજેતરમાં અમદાવાદ થી ગાંધીનગરની વિવિધ કચેરીઓમાં કાર્યરત પાંચ હજારથી વધુ કર્મયોગીઓને સચિવાલય પોઇન્ટ સેવામાં નવી ૭૦ એસ.ટી. બસ ની સુવિધા પુરી પાડી છે. આ સરકાર કર્મચારીખોની પણ ચિંતા કરી છે.

માન. અધ્યક્ષશ્રી

(૧૪)સરકાર દ્વારા સચિવાલય પોઇન્ટ સેવા ઉપરાંત ગુજરાત એસ.ટી. નિગમ દૈનિક ૮ હજારથી વધુ બસોના કાફલા સાથે 33 લાખ કિ.મી. સંચાલન કરે છે તેમજ ૨૫ લખાથી વધુ મુસાફરોને સલામતી, સુરક્ષિતતા અને સમયબધ્ધતા સાથે તેમના સ્થાન સુધી જવા- આવવાની સેવાઓ પુરી પાડે છે.

માન. અધ્યક્ષશ્રી

(૧૫)અમારી સરકારે છેવાડા માનવીની ચિંતા કરી છે. એસ.ટી. નિગમે છેલ્લા ૧૪ મહિનામાં ૧૫૨૦ નવીન બસો પ્રજાની સેવામાં મુકી છે.

માન. અધ્યક્ષશ્રી,

(૧૬)નાગરિકોને ઝડપી, સુરક્ષિત અને પર્યાવરણને અનુકુળ વાહનવ્યવહાર સેવા પુરી પાડવા સરકાર અવિરત કાર્ય કરી રહી છે. બસ પરિવહનની સગવડો વધારવા સરકાર ખુબ જ પ્રયત્નશીલ છે. લોથલ ખાતે વિશ્વ કક્ષાનું નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પલેક્ષ વિકસાવવામાં આવી રહ્યુ છે.

માન. અધ્યક્ષશ્રી,

(૧૭)રાજયના વિશાળ દરિયાકિનારે કેમિકલ પોર્ટસ, કન્ટેનર પોર્ટસ તેમજ વિશ્વના સૌથી મોટા શિપ રિસાયકિલંગ યાર્ડસને કારણે દરિયાઇ વ્યાપાર ક્ષેત્રે અગ્રેસર રહ્યુ છે. રાજયમાં આવેલ પાંચ એલ.અને.જી. ટર્મિનલ સાથે વિશ્વના પ્રથમ સી.એન.જી. પોર્ટસની સ્થાપના કરી નેચરલ ગેસ આયાતમાં ગુજરાતે દેશમાં પ્રથમ સ્થાન સુનિશ્ચિત કેલ છે.

માન. અધ્યક્ષશ્રી

(૧૮)ભવિષ્યને ધ્યાનમાં રાખીને, અલંગમાં રિસાયકિલંગ ક્ષમતા હાલના ૪.૫ મિલિયન એલ.ડી.ટી. થી બમણી કરીને ૯ મિલિયન એલ.ડી.ટી. થી કરવામાં આવશે.